## GREENLAWNS HIGH SCHOOL

**For the Terminal Examination Year 2025** **Sub: Gujarati 2 Lang**

**Time: 3 Hours** **Class: X** **Date:** **Full Marks: 80**

### SECTION A (40 Marks)

*(Attempt **all** questions from this **Section**)*

Question 1

Write a short composition in Gujarati of approximately 250 words on any one of the following topics.

પ્રશ્ન 1. નીચે ના વિષયોમાંથી કોઈ પણ એક વિષય પર ૨૫૦ શબ્દોમાં ગુજરાતી નિબંધ લખો. (15)

1 પ્રકૃતિને માણવા તમે ક્યાં ગયા હતા? ત્યાંના કુદરતી સૌંદર્યનું વર્ણન કરી સ્થળની ખાસિયતો જણાવો.
2 માતા પિતાનું સમાન યોગદાન બાળકનું ઉજવળ ભવિષ્ય.
3 ઘટતી જતી સહનશીલતા આજના યુવા પેઢીમાં જોવા મળતા પરિણામ અને ઉપાય.
4 વૃક્ષ આપણા મિત્ર.
૫.. નીચે આપેલું ચિત્ર જોઈ તમારા મન માં ઉઠતા ભાવો ને વાચા આપતો નિબંધ કે વાર્તા લખો.



Question 2

Write a letter in Gujarati in approximately 120 words on any one of the topics given below.

પ્રશ્ન 2. નીચે આપેલા કોઈ પણ એક વિષય પર લગભગ 120 શબ્દ માં ગુજરાતી માં પત્ર લખો. (7)

1 તમારી બહેનની વર્તા સમાચાર પત્રમાં પ્રકાશિત થઈ છે તેને અભિનંદન આપતો પત્ર લખો
2 બેંકમાં બચત ખાતું ખોલવા માટે ફોર્મ થતથા જરૂરી માહિતી મેળવવા માટે બેંક ના અધિકારીને પત્ર લખો.

Question 3

Read the passage below and answer in Gujarati the questions that follow using your own words.

નીચેનો પરિચ્છેદ વાંચો અને તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ ગુજરાતીમાં તમારા શબ્દોમાં લખો. (10)

વિદેશથી આવેલા એલેક્સને બાળપણથી જ ભારત વિશે ઘણી વાર્તાઓ સાંભળવા મળી હતી. રંગબેરંગી પર્વો, મંદિરોની ઘંટધ્વનિ, મસાલેદાર ખાવાનું અને લોકોની આતિથ્યભાવના — આ બધું સાંભળીને તે હંમેશા અહીં આવવાની કલ્પના કરતો. એક દિવસ તેણે નક્કી કર્યું કે હવે સપનાઓને હકીકતમાં બદલવાનો સમય આવી ગયો છે. વિમાનમાંથી ઉતરતાની સાથે જ તેને ગરમ ચા અને સ્મિતભર્યું સ્વાગત મળ્યું. એલેક્સને લાગ્યું કે તે કોઈ અજાણી જગ્યા પર નહીં, પણ પોતાના જ ઘરમાં આવ્યો છે. ભારતભરની યાત્રા દરમ્યાન એલેક્સે જુદા જુદા અનુભવો મેળવ્યા. કાશ્મીરમાં તેને સફેદ હિમાચ્છાદિત પર્વતો દેખાયા, તો ગુજરાતમાં ગરબાની મોજ માણી. વારાણસીના ઘાટ પર આરતીના પ્રકાશે તેનો મન મોહિત થઈ ગયો. બજારમાં જ્યારે તેણે લોકકલાકૃતિની વસ્તુઓ ખરીદી, ત્યારે દુકાનદારે તેને મહેમાન સમજી ચા પીવા આમંત્રિત કર્યો. 'અતિથિ દેવો ભવઃ'નો ભાવ એલેક્સે માત્ર સાંભળ્યો જ નહોતો, પરંતુ તે રોજ જીવી પણ રહ્યો હતો.

ઘરે પાછા ફર્યા બાદ એલેક્સના જીવનમાં બદલાવ આવી ગયો. તે હવે વધારે સહાનુભૂતિશીલ અને ખુલ્લા મનનો થઈ ગયો. ભારતની વિવિધતામાં રહેલી એકતાએ તેને પ્રેરણા આપી કે લોકો વચ્ચેના ભેદભાવને બદલે જોડાણ શોધવું જોઈએ. તેની ડાયરીમાં તેણે લખ્યું — “ભારત માત્ર એક દેશ નથી, તે તો એક અનુભવ છે, જે હૃદયમાં સદાય જીવંત રહે છે.”

પ્રશ્નો:

૧. એલેક્સને બાળપણથી ભારત વિશે કયા પ્રકારની વાતો સાંભળવા મળી હતી? (2)

૨. વારાણસી અને બજારમાં એલેક્સને કયા અનોખા અનુભવો મળ્યા? (2)

૩. ‘અતિથિ દેવો ભવઃ’નો ભાવ વાર્તામાં કેવી રીતે દર્શાયો છે? (2)

૪. ભારતની વિવિધતાએ એલેક્સને કઈ પ્રેરણા આપી? (2)

૫. વાર્તાને યોગ્ય શીર્ષક આપો. આ વાર્તા વાંચી તમારા મનમાં આવતા વિચારો બે થી ત્રણ વાક્યોમાં જણાવો. (2)

Question 4

Answer the following questions according to the instructions given below.

નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર સૂચના પ્રમાણે લખો.

પ્રશ્ન ૧. હોય તેનાથી મોટું સ્વરૂપ આપવું આપેલા અર્થને અનુરૂપ રૂઢિપ્રયોગ પસંદ કરો (1)

a કાગનો વાઘ કરવો

b કાગ ડોળે રાહ જવી

c બિલાડી નો વાઘ કરવો

d કાગડાનું બેસવું ડાળનું પડવું

પ્રશ્ન ૨. શબ્દ સમૂહ બદલે એક શબ્દ લખો. (1)

જેનું આયુષ્ય લાંબુ છે

a દીર્ઘ આયુ
b ચિરંજીવી
c દીર્ઘ વિજય
d લાંબુ જીવન

પ્રશ્ન ૩. લીટી દોરેલા શબ્દનો યોગ્ય વિરોધી શબ્દ ખાલીજગ્યામાં લખો. (1)

રમણ કોઈ ને કામ કરવાનો <u>ગમો</u> ન કરતો પણ ક્યારે કોઈ __________ ન કરતો.

a અપગમો

b અણગમો

c નગમો

d ગમવું

પ્રશ્ન ૪. અંતર શબ્દનો દ્વિ અર્થ લખો. (1)

a આંકડો, તફાવત

b મન, તફાવત

c આકાશ, તફાવત

d છેડો, તફાવત

પ્રશ્ન ૫. લીટી દોરેલા શબ્દના બદલેલા લિંગ ( જાતિ ) માટે સાચું વાક્ય લખો (1)

સભામાં <u>કવિએ</u> કવિતાનું પઠન કર્યું.

a. સભામાં કવિયતાએ કવિતાનું પઠન કર્યું.

b. સભામાં કવિતાએ કવિતાનું પઠન કર્યું.

c સભામાં કવિયત્રીએ કવિતાનું પઠન કર્યું.

d સભામાં કવ્યાએ કવિતાનું પઠન કર્યું.

પ્રશ્ન ૬. સાચી જોડણી વાળો શબ્દ લખો (1)

a નિષ્કામ

b નીષ્કામ

c નિશકામ

d નિષકામ

પ્રશ્ન ૭. ભાવવાચક નામનો ગુચ્છો બનાવો. (1)

a હિમ્મત, ગર્વ, દુશ્મન, આનંદ

b નિસાસા, ભાવના, થાક, દુઃખ

c લાગણી, અસંતોષ, ક્રોધ, પ્રેમ

d આનંદ, વીર, ઊંગ, પ્રશ્ચ્યાતાપ

પ્રશ્ન ૮. ભૂતકાળ માટે સાચું વાક્ય બનાવો. (1)

a ચાંદી ખૂબ મોંઘી થઈ ગઈ છે.

b ચાંદી ખૂબ મોંઘી થવાની છે.

c ચાંદી ખૂબ મોંઘી થશે.

d ચાંદી પહેલા iખૂબ મોંઘી હતી.

**SECTION B (40 Marks)**

સાહિત્ય ગુર્જરી (કવિતાઓ)

SAHITYA GURJARI (POEMS)

Question 5
Read the extract given below and answer in Gujarati the questions that follow
પ્રશ્ન 5. નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નનોના ગુજરાતીમાં જવાબ લખો.

આપણી વ્યથા
અવરને મન રસની કથા, ઇતર ના કંઈ તથા,
    જીરવીએ એને જાણીએ, વીરા!
પ્રાણમાં જલન હોય ને તોય ધારીએ શીતલ રૂપ.

બોલીએ ના કંઈ -રજેન્દ્ર શાહ
Boliye Na Kai – Rajendra Shah

(1) કવિ કયા યુગ ના છે? તેમને કયો પુરસ્કાર મળ્યો હતો? (2)

(2) ‘તાન ‘ એટલે શું? કઈ જગ્યા એ કોઈને કોઈની તાન હોતી નથી? (2)

(3) ઉપરયુક્ત કાવ્ય પંકિત સમજાવો? (3)

(4) કાવ્યને આધારે મનુષ્યએ પોતાની વ્યથા કોની આગળ રજૂ કરવી જોઈએ ઉદાહરણ આપી સમજાવો? (3)

Question 6

Read the extract given below and answer in Gujrarti, the questions that follow.

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો.

'રસહીન ધરા થૈ છે, દયાહીન થયો નૃપ '
નહીં તો ના બને આવું ' બોલી માતા ફરી રડી.

ગ્રામમાતા – કલાપી

Grammata – Kalapi

(1) કવિના કાવ્ય સંગ્રહનું નામ જણાવી પ્રકાર લખો? (2)

(2) કાવ્યમાં કઈ ઋતુનું વર્ણન કર્યું છે? કવિતાના આધારે વર્ણન કરો? (2)

(3) આવનાર મુસાફર કોણ હતો? વૃદ્ધાએ તેને શી રીતે મદદ કરી? વૃદ્ધાની આંખમાં શા માટે આંસુ આવ્યા? (3)

(4) કાવ્યના અંતે પરિસ્થિતિ શી રીતે બદલાઇ ગઇ તમારા શબ્દમાં લખો? (3)

Question 7

Read the extract given below and answer in Gujrarti, the questions that follow.

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો.

વિપત પડે ના વલખીએ, વલખ્યે વિપત ન જાય,
વિપતે ઉદ્યમ કીજીએ, ઉદ્યમ વિપતને ખાય.

સુભાષિત

Subhashit

1)ક્યા સાહિત્યમાં સુભાષિત પ્રચલિત છે? શા માટે તેને મનનીય કહેવાય છે? (2)

(2) 'જાતે કરવું - - - -'સુભાષિતમાં શેનો મહિમા ગયો છે? (2)

(3) વિપત શબ્દનો અર્થ આપો? તે વખતે શું ન કરવા ને શું ન કરવાની વાત કહી છે? તમારા શબ્દોમાં સમજાવો? (3)

(4) ઠાકરી એટલે શું જીવન માં અનર્થ ન સર્જાય તે માટે કયા ગુણો જીવન માં ઉતારવાની વાત કવિ કરે છે? આ ગુણો કઈ રીતે જીવન માં ઉતારશો? (3)

સાહિત્ય ગુર્જરી (ટૂંકી વાર્તાઓ)

Sahitya Gurjari (Short Stories)

Question 8

Read the extract given below and answer in Gujrarti, the questions that follow.

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો.

“જાણે ભૂરી થી એક ઘડીયે જુદા ન પડવાનો નિર્ધાર કર્યો હોય એમ સૂરજ ડોશી ભૂરી ની પાસે બેસી રહી.”

અંજળપાણી - પીતાંબર પટેલ

Anjalpani – Pitambar Patel

(1) સૂરજ ડોશી ન જીવન માં કોનું મહત્વ નું સ્થાન હતું? લેખક ની નવલ કથા ના નામ લખો. (2)

(2) સૂરજ ડોશી એ ભૂરી ને દોરી જનાર ને કઈ કઈ ભલામણ કરી? (2)

(3) કયા સંજોગો માં ડોશી એ ભૂરી ને વેંચવાનો નિર્ણય લીધો? (3)

(4) અંજળપાણી શીર્ષક નો અર્થ સમજાવી શીર્ષક ની યોગ્યતા સ્પષ્ટ કરો. (3)

Question 9

Read the extract given below and answer in Gujrarti, the questions that follow.

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો.

“આખો દિવસ અમારી પાછળ કટ કટ! બાપુ એ પણ ઠીક અમારે માથે સાલ ઠોકી બેસાડ્યું છે!”

દાદાનો દલ્લો – ઈલા આરવ મહેતા

Dada No Dallo – Ila Aarav Mehta

(1) દાદા પાસે શું દલ્લો હતો? તેમને કઈ રીતે પ્રાપ્ત થયો? (2)

(2) દાદાની દિનચર્યા નું વર્ણન કરો. (2)

(3) દાદા એ ચિઠ્ઠી માં શું લખ્યું હતું? (3)

(4) દાદા એ નીલિમા ને કયો પાઠ શીખવ્યો? શી રીતે? (3)

Question 10

Read the extract given below and answer in Gujrarti, the questions that follow.

નીચેની કંડિકા વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ગુજરાતીમાં ઉત્તર લખો.

“તો તરતજ તેવો બોલી ઊઠતા, 'મારે ત્યાં અમસ્થું કોઈ આવતુંજ નથી ને અમસ્થા આવવુંય નહીં.'

હિંમત મારો દોસ્ત – મોહમ્મદ માંકડ

Himmat Maro Dost – Mohammad Mankad

(1) લેખક નો ટૂંક માં પરિચય આપો. (2)

(2) રસિક ભાઈ ને લોકો ની કઈ કુટેવ નો કંટાળો આવે છે? (2)

(3) રસિક ભાઈ ની પત્ની એ કોના વખાણ કર્યા? શા માટે? (3)

(4) પિતા એ વળતા પત્ર માં શું કહેવડાવ્યું? તે વાંચી રસિક ભાઈ ના મન માં કયા વિચારો આવ્યા? (3)